**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૪ ફેબ્રુઆરી,૨૦૧૦**

**નૂરવધારો નહીં તેનું સ્વાગત ; પણ એમયુટીપી નું શું ? : રામ નાઈક**

**મુંબઈ, બુધવાર :** " રેલ્વેપ્રધાન કુ.મમતા બૅનર્જીએ નૂરવધારો ન કર્યો એ સ્વાગત યોગ્ય છે. પરંતુ આ સમયે પાછલાં છ વર્ષોથી ઉપેક્ષિત રહેલ મુંબઈગરાં ઉપનગર રેલ્વે પ્રવાસીઓને ખોરંભે ચડેલ એમયુટીપી I અને II ની યોજનાઓ કયારે પૂર્ણ થશે એ બાબતે કઈં પણ માહિતી ન આપી હોવાથી પોતાની અડચણો નો આરો આવશે નહીં તેવું જ લાગી રહ્યું છે," આ મુજબની પ્રતિક્રિયા માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે રેલ્વે બજેટ બાદ વ્યકત કરી છે.

"મુસાફરોની વધતી સંખ્યા અને લાલફીતાશાહી માં ખોરંભે ચડેલા પ્રકલ્પો ને કારણે ૧૦૧ નવી ગાડીઓ જાહેર કરવા છતાંય મુંબઈગરાં માટે તે પૂરતી સંતોષજનક બાબત નથી. તેમાંયે આ ગાડીઓ નવ ડબ્બાની કે બાર ડબ્બાની એ બદલ પણ સ્પષ્ટ ભૂમિકા રેલ્વેપ્રધાને અખત્યાર કરી નથી. હજૂ દોડી રહેલી નવ ડબ્બાની ગાડીઓ બાર ડબ્બાનિ કયારે થશે તે પણ રેલ્વેપ્રધાને કહેવું જાઇતું હતું. ફકત હમાલ અને ફેરીવાળા વગેરે અસંગઠીત ક્ષેત્રનાં કામગારોને વિમા સંરક્ષણ આપવાની વાજપેયી સરકારની ભૂમિકા કામ સે કમ રેલ્વેમંત્રાલય પૂરતી તો લાગૂ થાય છે તેનો મને સંતોષ છે," એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું છે.

**( કાર્યાલય સચિવ )**